Volume 1, Issue 5
December
2024

HARIRAJ
CHARITABLE TRUST

# NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

**તા. ૦૨/૧૨/૨૦૨૪ ના રોજ નર્મદા જીલ્લાના તિલકવાડા તાલુકાના લીમપુરા ગામે પ્રોજેક્ટ સાથે જોડાયેલ ખેડૂતોની ઓળખ માટે QR કોડનું વિતરણ કરવામાં આવ્યું.**







**૧૯/૧૨/૨૦૨૪ ના રોજ ટાકા ગામમાં પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને જીવામૃત અને નીમાસ્ત્ર બનાવવાની માહિતી રિકેશભાઈએ આપી. ત્યારબાદ ફાર્મ વિઝિટ દરમિયાન હળદર, મરચી અને સરગવો સહિતના પાક વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી.**









## ૨૪ થી ૨૭ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન માર્ક ના દસ ગામોમાં જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું.









## જેન્ડર શિક્ષણ

આ મહીને જે કાર્ય વિસ્તારમાં આ કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યાં ફાઉન્ડેશન કોર્સ પૂર્ણ થયા અને હવે કિશોરો એક્શન કોર્સમાં સામેલ થશે. કિશોરોએ ફોકસ ગ્રુપ ચર્ચાઓ (FGD) દ્વારા ઓળખાયેલા સમસ્યાઓના કારણો વિશે પ્રશ્નો પૂછ્યા અને તેમના નિરાકરણ માટે ચર્ચાઓ કરી.











## સેન્ટર ફોર લર્નિંગ આસીસ્ટન્સ

આ મહિને, કાર્યકર મિત્રોએ વર્ગોમાં “મહેંદી સ્પર્ધા”નું આયોજન કર્યું, જેના દ્વારા વર્ગની બાળકીઓને પોતાની લાગણીઓ વ્યક્ત કરવાનો મોકો મળ્યો. આમ ગર્વ સાથે કહી શકીએ કે મેન્ટર દ્વારા લેવાતા આવા અવનવા નાના નાના પગલાઓ વર્ગના બાળકોના શૈક્ષણિક પ્રવાસમાં મોટી અસર કરે છે.



## લેખન સત્ર

ડીસેમ્બર માસમાં તારીખ ૧૦ ના રોજ લેખન સત્રનું ઓનલાઈન સેશન થયું, જેમાં 'શહેર કરતા ગામડું ભલું', 'ટ્રેનિંગ ટુ લીડ ફાર્મર ઓન એફપીસી એફપીઓ મિટીંગ', 'ગ્રીન કુક સ્ટવ સ્ટોરી', 'ઉદ્યોગ સાહસિકતાની સફળવાર્તા', 'એન્ટરપ્રીનિયર સક્સેસ સ્ટોરી', 'નેચરલ ઈનપુટ સેન્ટર – શેડુભાર', 'બાયોચાર ડેમો સફળ વાર્તા', 'આત્મા – નેચરલ ફાર્મિંગ તાલીમ- આણંદ', 'Desalting of farm pond Under CottonConnect' તથા સૂર્યમુખીની ખેતી કરતાં ખેડૂતનો રિપોર્ટ આમ કુલ ૧૦ રિપોર્ટનું વાંચન, ચર્ચાઓ તથા સુધારણાની વાત કરવામાં આવી.




તારીખ: ૨૪/૧૨/૨૦૨૪ ના રોજ ઓનલાઈન સેશનમાં સકસેસ સ્ટોરી-પાનસડા, એફપીઓ કિશાન મેલા- ૨૦૨૪ અમરેલી, એન્ટરપ્રીનીયર રિફ્રેશીંગ તાલીમ તથા ફેરોમેન ટ્રેપથી તથા ફાયદાઓ જેવા રિપોર્ટનું વાંચન, ચર્ચાઓ તથા સુધારણાની વાત કરવામાં આવી.



## વાંચન સત્ર

### ૭૮મુ સેશન (૦૬/૧૨/૨૦૨૪) :

સવારે ૦૬:૦૦ થી ૦૭:૦૦ સુધી યોજાયેલા આ સેશનમાં "સ્વાતંત્ર્યની શોધમાં" - નેલ્સન મંડેલા, સમયનું આયોજન, વ્યક્તિગત અનુભવો અને "ના" કહેવાની મહત્વતા પર વિચારશીલ અને પ્રેરણાદાયક ચર્ચાઓ કરવામાં આવી.




### ૭૯મુ સેશન (૧૩/૧૨/૨૦૨૪) :

આ સેશનમાં અગ્રિમંતાઓ નક્કી કરવાના અભાવ, દરરોજના આયોજનની મર્યાદાઓ, સંયમ અને આંતરિક શિસ્તનો અભાવ, તેમજ કાર્યશક્તિ માટે ઉકેલ શોધવા અંગે ચર્ચાઓ કરવામાં આવી.



## ૮૦મુ સેશન (૨૦/૧૨/૨૦૨૪) :

આ સેશનમાં સમય-આયોજનના નબળાપણા અંગે વાતચીત થઈ, જેમાં અગ્રિમતાઓ નક્કી ન કરી શકવુ, અગ્રિમતાઓની આસપાસ આયોજન ન કરવું અને અમલ માટે શિસ્તની કમી જેવા મુદ્દાઓ ઉપરાંત, પ્રત્યેક પેઢીની સમય વ્યવસ્થાપન પદ્ધતિઓ પર ચર્ચાઓ કરવામાં આવી.




## ૮૧મુ સેશન (૨૭/૧૨/૨૦૨૪) :

આ અંતિમ સેશનમાં આદર્શ જીવન-આયોજન ડાયરીનાં લક્ષણો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. જેમાં સિદ્ધાંત કેન્દ્રિત જીવન, અંગત મિશનની જાણકારી, તાકીદના બદલે મહત્ત્વના કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવું, તેમજ ઉત્પાદન અને ઉત્પાદન ક્ષમતા વચ્ચેનું સંતુલન જાળવવાની ચર્ચાઓ કરવામાં આવી.




Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here